જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૬/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૬૭/૧૭

## મોજશોખ કરવા સારૂ મોટર સાયકલો તેમજ એક્ટીવાની ચોરી કરી તેની નંબર પ્લેટ કાઢી નાંખી તેમજ તેના કલર બદલી નાંખી ફેરવતા દરમ્યાન ચોરીના મોટર સાયકલ તેમજ એક્ટીવાસાથે કુલ-૩ આરોપીઓને કુલ-૫ ચોરીના વાહનો સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવાઇ રહે તેમજ વાહન ચોરીઓનાં બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂસંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસારનાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રનસાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદીપસિહ ઝાલાસાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ તથા કે.ડી.જાડેજા નાઓ તેમનાસ્ટાફના માણસો સાથે અમદાવાદશહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે નારોલ અસલાલી હાઈવે ઉપર આવેલ વટવા ટર્નિંગ પાસેથી આરોપી સાહીલ S/O ખાલીદ ઈકબાલ અંસારી ઉ.વ.૨૫ રહે.એઝાજનગર વિભાગ-૩ સૈયદવાડી વટવા અમદાવાદનાઓના કબજામાંથી બજાજ કંપનીનું પલ્સર મોટર સાયકલ નંબર વગરનુ કિ.રૂ.૪૦,૦૦૦/- નુંરીકવર કરી કાયદેસર કાર્યવાહી કરેલ છેઅને મણિનગર પો.સ્ટે. ખાતે નોંધાયેલ વાહન ચોરીના એક ગુન્હાનો ભેદ ઉકેલેલ છે. આરોપીએ સદરી મોટરસાઈકલ ઓળખાય નહી તે સારું તેનો કલર બદલેલ છે અને મોસા. મોડીફાય કરેલ છે.

તેમજ નારોલ અસલાલી હાઈવે ઉપર જુના નારોલ કોર્ટ પાસેથી આરોપી (૧) પૃથ્વી ઉર્ફે પૃથ્વેસ S/O મુકેશભાઈ ચુનારા ઉવ.૨૦ રહે.અસલાલી ગામ તુલસીવાસ અસલાલી અમદાવાદ (૨) હીતેશ કાંતીભાઈ સુથાર ઉવ.૩૦ રહે.સુથારવાસ અસલાલી ગામ અમદાવાદ નાઓને ઝડપી તેઓ પાસેથી એક હોન્ડા એક્ટીવા નંબર વગરનુ તથા હીરો સ્પ્લેન્ડર પલ્સ નંબર વગરનું રીકવર કરેલ છે તેમજ આ બંને આરોપીઓએ ભેગા મળી એકબીજાની મદદગારી કરી બીજા બે એક્ટીવા અસલાલીથી ચોરી કરી નારોલ અસલાલી હાઈવે ઉપર બિનવારસી મુકી દીધેલ તે પણ રીકવર કરેલ છે આમ મોટરસાઈકલ-૧, એક્ટીવા-૩ મળી કુલ-૪ વાહનો કિ.રૂ.૧,૨૦,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી અસલાલી પો.સ્ટે.ખાતે તથા વટવા પો.સ્ટે. ખાતે નોંધાયેલ વાહન ચોરીના કુલ-૪ ગુન્હાનો ભેદ ઉકેલેલ છે.

સદરી પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા આર્થિક તંગી હોય અને પોતાની પાસે વાહન ન હોય પોતાના મોજશોખ સારૂઆ મોટરસાયકલ તેમજ એક્ટીવાની ચોરી કરેલ છે અને આ તમામ આરોપીઓનો કોઈ ગુનાહીત ઈતિહાસ જણાઈ આવેલ નથી

**કાગડાપીઠ પોલીસ સ્ટેશનઃ-**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન તથા કાગડાપીઠ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એસ.મોદી સાહેબ નાઓની સુચના મુજબ આગામી રથયાત્રા તેમજ ઇદ જેવા તહેવાર અનુસંધાને તડીપાર ઈસમોને શોધી કાઢવા સારુ કરેલ સુચના આધારે આજરોજ તા-૦૫/૦૬/૨૦૧૭ ના રોજ કાગડાપીઠ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો.ધુળાભાઈ જીણાભાઈ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા – ફરતા કલાક ૨૧/૦૦ વાગે બહેરામપુરા વસંત રજબ ક્વાટ્રસ પાસે આવતા સાથેના પો.કો ધર્મેશભાઇ હીન્દુભાઇ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ નાઓએ બાતમી હકીકત આપેલ કે "અમદાવાદ શહેર તથા આજુબાજુઓનાં જિલ્લાઓ માથી તડીપાર કરેલ ઈસમ દિનેશ ઉર્ફે ટોલો વિક્રમસિહ રાજાવત ઉ.વ.૩૫ રહે.મ.ન.૧૩૦/૧૪૭ પારસનગર એ.ઈ.સી ચાર રસ્તા પાસે નારણપુરા અમદાવાદ શહેર નાનો કે જેણે શરીરે વાદળી કલરનુ ચોકડી ડિઝાઈનવાળુ આખી બાંયનુ શર્ટ તથા ખાખી કલરનુ પેન્ટ પહેરેલ છે. તે ઈસમ વગર પાસ – પરવાનગી એ અમદાવાદ શહેરમાં પ્રવેશ કરી. બહેરામપુરા વસંત રજબ ક્વાટ્સ ચાર રસ્તા પાસે ફરે છે" જે બાતમી હકીકત આધારે આરોપી દિનેશ ઉર્ફે ટોલો વિક્રમસિહ રાજાવત ઉ.વ.૩૫ રહે.મ.ન.૧૩૦/૧૪૭ પારસનગર એ.ઈ.સી ચાર રસ્તા પાસે નારણપુરા અમદાવાદ શહેર નાઓને તા.૫/૦૬/૧૭ ના કલાક ૨૧/૪૫ વાગે ધી જી.પી. એક્ટ કલમ ૧૪૨ મુજબ પકડી અટક કરવામાં આવેલ છે.

---

**સુરક્ષા સેતુ રથ:**

ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ









નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.